# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-08-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે સ્થાપિત ક્ષમતામાં દેશમાં પ્રથમ ક્રમે.

2) કચ્છનું કંડલા બંદર ડ્રોન વિરોધી કવચથી સુરક્ષિત થશે.

3) શિક્ષણમાં લોક ભાગીદારી વધારવા શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો બાબતે નાગરીકો પાસેથી સૂચનો મંગાવાશે.

4) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લામાં આગામી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી.

5) અમદાવાદમાં આ વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાની ત્રણ મહત્વની રમત સ્પર્ધા યોજાશે

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT RENEWABLE ENERGY

અત્યાર સુધી કુલ 38 હજાર 219 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે , ગુજરાત દેશમાં પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રમાં પહેલા ક્રમે છે. તેમાં સૌથી મોટો હિસ્સો 21 હજાર 904 મેગાવોટ નો સૌર ઉર્જાનો છે.

રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય નવીનીકરણ અને પુનઃપ્રાપ્ય ઉર્જા અને પાવર રાજ્યમંત્રી શ્રીપદ યેસ્સો નાઈકે આ માહિતી આપી. તેમણે જણાવ્યુ કે રાજ્યમાં 2 લાખ 20 હજાર 504 મેગાવોટ વધુ પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદનની સંભાવના છે , જેમાં સૌથી વધુ સંભાવના 1 લાખ 80 હજાર 790 મેગાવોટ પવન ઉર્જાની , ત્યારબાદ 35 હજાર 770 મેગાવોટ સૌર ઉર્જાની છે. છેલ્લા ત્રણ વર્ષમાં પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન મામલે ગુજરાત બીજા ક્રમે છે.

. . . . . .

# KANDLA PORT

કચ્છનું કંડલા બંદર ડ્રોન વિરોધી કવચથી સુરક્ષિત થશે. વહીવટી તંત્ર દ્વારા આ માટેની જરૂરી કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. દુશ્મન દેશના ડ્રોનના સિગ્નલ જામ કરી ડ્રોનને 15 કિલોમીટર દૂરથી જ નષ્ટ કરી શકાય તેવી સિસ્ટમ તૈયાર કરવામાં આવી રહી છે. તે માટે માતબર રકમની ફાળવણી પણ કરવામાં આવી છે અને ચાર ડ્રોન વિરોધી સિસ્ટમ તૈનાત કરાશે.

ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન કંડલા બંદરે દુશ્મન દેશનાં ડ્રોન દેખાયાં હતાં. જો કે , તમામ ડ્રોનને તોડી પાડવામાં આવ્યાં હતાં. પરંતુ હવે દુશ્મન દેશના કારસાને નિષ્ફળ બનાવવા માટે ડ્રોન વિરોધી સિસ્ટમ તૈનાત કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

. . . .

# TEACHER TRAINING

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ- GCERT દ્વારા રાજ્યના ધોરણ 3 થી 8ના તમામ શિક્ષકોને 'શિક્ષક આવૃત્તિના ઉપયોગ' અંગે આગામી 29 સપ્ટેમ્બર સુધી તાલીમ અપાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે શિક્ષક આવૃત્તિઓનાં ઉપયોગ અંગે શિક્ષકોને માર્ગદર્શન અને નિદર્શન આપવા માટે આ તાલીમ યોજાઈ રહી છે.

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી )

શિક્ષકોને વર્ગખંડ પ્રક્રિયાનો વાસ્તવિક અનુભવ મળે તે હેતુથી તાલીમમાં પ્રાયોગિક,જૂથકાર્ય,ડેમોસ્ટ્રેશન જેવી વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિઓની સાથે NEP-2020માં ભલામણ કરાયેલી નવીનીકરણીય શિક્ષણ પદ્ધતિઓનું પણ નિદર્શન કરવામાં આવી રહ્યું છે. બાળકોમાં 21મી સદીનાં કૌશલ્યો અને ક્ષમતા વિકસાવવા માટે શિક્ષકો અસરકારક અધ્યયન-અધ્યાપનનું કાર્ય કરે તે હેતુથી GCERT દ્વારા વિષયવાર આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી છે . આ આવૃત્તિઓ GCERTની વેબસાઇટ અને દીક્ષા પોર્ટલ પર ઉપલબ્ધ છે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . .

# SMC -JANBHAGIDARI SUCHANO

શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અંગે હવે નાગરીકો પાસેથી સૂચનો મંગાવાશે. શિક્ષણમાં જન સમુદાયની ભાગીદારી વધારવા રાજ્ય સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

વાંચન, ગણન, લેખન, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ , સ્વછતા, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, નિયમિતતા, શાળા પ્રવાસ જેવા વિષયો પર નાગરિકો પોતાના અભિપ્રાયો આપી શકે છે.

આ માટે જાહેર જનતા આગામી ૪૫ દિવસ સુધીમાં smcgujarat@ssguj.in આ મેઈલ ID પર પોતાના સૂચનો મોકલી શકે છે તેમ , શિક્ષણ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

. . . . .

# VGRC

માંડલ બેચરાજી વિશેષ રોકાણ વિસ્તાર - SEZ ખાતે આગામી ઑક્ટોબરમાં યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ માટે માળખાકીય કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. આ કાર્યક્રમ માટે માંડલ બેચરાજી SEZ વિકાસ સત્તામંડળ વિકાસલક્ષી માળખાકીય પ્રકલ્પોને વેગ આપી રહ્યું છે.તે અંતર્ગત અંદાજે 190 કરોડના રોકાણ સાથે 33 કિલોમીટરના રસ્તાઓનું કામ પૂર્ણ થયું છે.

લગભગ 500 કરોડના ખર્ચે પાણી પુરવઠો , ગટર અને ઉદ્યોગોના ગંદા પાણીના નિકાલની પાઇપલાઇન જેવી સુવિધાઓ સાથે 66 કિલોમીટરના નગર આયોજન રસ્તાઓનું બાંધકામ ચાલી રહ્યું છે. જ્યારે 70 કરોડની ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે પાણી શુદ્ધિકરણ સહિતના પ્લાન્ટનું નિર્માણ કરાશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ ઉત્તર ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે, જે કનેક્ટિવિટી, ક્ષમતા સાથે રોકાણને વેગ આપશે.

. . . . . . . .

# VANDEBHAR STOPAGE - NAVSARI

અમદાવાદ મુંબઈ વચ્ચે ચાલતી વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસને નવસારીનું સ્ટોપેજ ફાળવવામાં આવ્યું છે. નવસારીના સાંસદ અને પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ દ્વારા રેલવે મંત્રાલયમાં રજૂઆતના પગલે આગામી 23 ઓગસ્ટથી વંદે ભારત ટ્રેન નવસારી ઊભી રહેશે. આ સ્ટોપેજ મળતા હવે નવસારી જિલ્લાના યાત્રીઓને અમદાવાદ કે મુંબઈ જવા માટે અન્ય સ્ટેશન પર જવું નહીં પડે. આ વિષે વધુ માહિતી આપી રહ્યા છે જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહ.....

(બાઇટ – ભૂરા ભાઈ શાહ જિલ્લા ભાજપ પ્રમુખ- નવસારી)

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

................

# WEATHER FORECAST

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લામાં આગામી બે દિવસ ભારેથી અતિભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ કે આજે પોરબંદર , જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં અતિભારે વરસાદ પડી શકે છે. એક સાથે પાંચ વરસાદી સિસ્ટમ બનવાને કારણે રાજ્યમાં ભારે વરસાદની શક્યતા હોવાનું પણ શ્રી દાસે જણાવ્યુ....

(બાઇટ - ડો.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

. . . . . . . . . . . . .

# SEOC BETHAK

રાજયમાં ભારે વરસાદની આગાહીને પગલે રાજ્ય કટોકટી વ્યવસ્થાપન કેન્દ્ર SEOC-ગાંધીનગર ખાતે રાહત નિયામકના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ. જેમાં આવતાં અઠવાડીયા દરમિયાન વરસાદની સ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં NDRF અને SDRF અધિકારીશ્રીઓના જણાવ્યા મુજબ ચોમાસામાં દરમિયાન ઉપસ્થિત થતી કોઇપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા NDRFની કુલ 12 ટીમ અને SDRFની 20 ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે તહેનાત કરવામાં આવી છે.

આ ઉપરાંત NDRFની એક ટીમ રીઝર્વ રાખવામાં આવી છે. સિંચાઇ વિભાગના અધિકારીએ જણાવ્યુ , રાજ્યના 206 જળાશયો પૈકી 61 જળાશયો હાઇએલર્ટ, 27 જળાશયો એલર્ટ તથા 21 જળાશયો વોર્નિંગ લેવલ પર છે.

. . . . .

# GUJARAT RAIN

રાજ્યના ૮૩ તાલુકામાં આજે વરસાદ નોંધાયો , જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં દ્વારકામાં સૌથી વધુ સાડા પાંચ વરસાદ વરસ્યો. જ્યારે કલ્યાણપુરમાં પાંચ વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયું. ભારે વરસાદને કારણે તાપી જિલ્લાના ઉકાઇ ડેમના ૭ દરવાજા મોસમમાં પહેલીવાર ખોલાયા છે , જેમાંથી કુલ એક લાખ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાતા આસપાસના ગામોને એલર્ટ કરાયા. દરમિયાન મોરબી જિલ્લાનો હળવદના શક્તિ સાગર બંધ સંપૂર્ણ ભરાતા લોકોને નીચાણવાળા વિસ્તારમાં ન જવા તંત્રએ તાકીદ કરી છે.

બીજી તરફ મુંબઈમાં ભારે વરસાદને કારણે , બધી લોકલ ટ્રેનો સ્થગિત થઈ ગઈ છે. ગુજરાતથી જતી લાંબા અંતરની ટ્રેનો પાલઘર સ્ટેશનો પર રોકી દેવામાં આવી છે. જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક દ્વારા મુસાફરોને ફ્લાઇટ માટે વહેલું નીકળી જવા અપીલ કરી છે. દરમિયાન મુંબઈ જતી 3 ફ્લાઇટ સુરત હવાઈમથક ખાતે ડાયવર્ટ કરાઇ છે.

. . . . . . . .

# BULLET TRAIN NUKKAD NATAK - PRAYAAS

નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા બુલેટ ટ્રેનના બાંધકામ સ્થળોએ કામદારોમાં સલામતી અંગે જાગૃતિ ફેલાવવાના ઉદેશ્ય સાથે પરસ્પર ક્રિયાત્મક નુક્કડ નાટકની શ્રેણી "પ્રયાસ"નો પ્રારંભ કરાયો છે.

ગઇકાલથી અમદાવાદ બુલેટ ટ્રેનના બાંધકામ સ્થળોથી આ શ્રેણીની શરૂઆત કરાઇ જેમાં ઊંચાઈ પર કામ કરવું , ભારે મશીનરીની અંદર અને આસપાસ કામ કરવું, રસ્તા અને રેલ્વે નજીક કામ કરવું , તેમજ કામ દરમિયાન મોબાઇલ ફોનનો ઉપયોગ ટાળવો વિગેરે વિષયોને આવરી લઈ નાટકો ભજવાયા.

આ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્યના 29 તેમજ મહારાષ્ટ્રના 11 એમ કુલ 40 સ્થળોમાં બુલેટ ટ્રેન સ્ટેશનો , કાસ્ટિંગ યાર્ડ, ટનલ બાંધકામ સ્થળો, ડેપો, પુલો અને વાયડક્ટને આવરી લેવાયા છે.

. . . . .

# AHMEDABAD SPORTS

અમદાવાદમાં આ વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાની ત્રણ મહત્વની રમત સ્પર્ધા યોજાશે, જેમાં નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 24 થી 30 ઓગસ્ટ દરમિયાન કૉમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ યોજાશે. તેમાં 29 દેશોના 350થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. સાંભળીએ એક અહેવાલ.

(વોઇસ કાસ્ટ : પ્રવેશ અડિએચા )

સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં એશિયન ઍક્વાટિક્સ ચૅમ્પિયનશિપ 2025 આયોજન કરાયું છે , જેમાં ચીન , જાપાન અને કોરિયા જેવા દેશના તરવૈયાઓ ભાગ લેશે.જ્યારે ભારત 22 થી 30 નવેમ્બર દરમિયાન આયોજિત AFC U-17 એશિયન કપ 2026 ક્વૉલિફાયરના સાત યજમાન દેશમાંથી એક છે. ભારતમાં આયોજિત તમામ મૅચ અમદાવાદના ટ્રાન્સ-સ્ટેડીયા ધ અરેના ખાતે યોજાશે. આ ઉપરાંત વર્ષ 2029માં રાજ્યમાં વર્લ્ડ પોલિસ એન્ડ ફાયર ગેમ્સનું પણ આયોજન કરાયું છે. વર્ષ 2026માં એશિયન વેઇટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ અને આર્ચરી એશિયા પેરા કપ-વર્લ્ડ રેન્કિંગ ટુર્નામેન્ટનું આયોજન પણ અમદાવાદમાં થશે.

પ્રવેશ અડિએચા આકાશવાણી સમાચાર અમદાવાદ

. . .

# ANARIKSH VIGYAN PRADARSHAN -VERAAVAL

ગીર સોમનાથ જિલ્લાનાં વેરાવળ ખાતે 'રાષ્ટ્રીય અવકાશ દિવસ " ની ઉજવણીના ભાગરૂપે અવકાશ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયું. અમદાવાદના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર દ્વારા યોજાયેલા આ પ્રદર્શનમાં G.S.L.V, P.S.L.V. કોમ્યુનિકેશન સેટેલાઇટ મોડેલ , ભાસ્કર ઉપગ્રહ સહિતના વિવિધ મોડેલ પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં.

પ્રદર્શન દરમિયાન ઇસરોના ગ્રુપ ડાયરેક્ટર તેમજ વરિષ્ઠ વૈજ્ઞાનિકોએ વિદ્યાર્થીઓ તથા વિજ્ઞાન પ્રેમી જનતાને ભારતે અવકાશ ક્ષેત્રે સાધેલા વિકાસથી માહિતગાર કર્યા હતા.

. . .